# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-05-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM BANASKANTHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું-બનાસકાંઠામાં ભૂગર્ભ જળના તળ ઊંચા લાવવા રાજ્ય સરકાર અંદાજે 50 હજાર રિચાર્જ કૂવા બનાવશે. દાંતીવાડા તાલુકાના ચોડુંગરી ગામથી રિચાર્જ કૂવા નિર્માણનો શુભારંભ કરાવતા શ્રી પટેલે જણાવ્યું કે રિચાર્જ કૂવાથી જળસંચયના પ્રયાસો વધુ વેગવાન બનશે.

## (બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે જણાવ્યું કે જળસંચય માટે દેશમાં 24 લાખ 20 હજાર પાણીના સ્ટ્રક્ચર તૈયાર કરાયા છે. કેન્દ્ર સરકારના જળશક્તિ અભિયાન અંતર્ગત જળશક્તિ અભિયાન-કેચ ધ રેઈન 2025 અભિયાનથી પ્રેરિત જળસંચય જન ભાગીદારી હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . .

# GANDHINAGAR OBESITY

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રાજ્યનું પ્રથમ ઓબેસીટી ક્લિનીક શરૂ કરાયું છે. સિવિલના વોર્ડ નંબર 14માં આ ક્લિનિક શરૂ કરાયા પછી અત્યાર સુધીમાં 569 દર્દીઓનું વજન તથા મેદસ્વી શ્રેણી તપાસીને જરૂરી

સારવાર તથા માર્ગદર્શન અપાયું છે. ક્લિનીકમાં સારવાર માટે આવેલા દર્દીઓનું સ્ક્રીનીંગ કરી તેનું વજન તથા ઉંચાઈ માપી તેનો બોડી માસ ઇન્ડેક્ષ BMI માપવામાં આવે છે. 25 થી વધારે BMI હોય તે દર્દીઓની મેડિકલ હિસ્ટ્રી તપાસી સાચી સમજ આપવામાં આવે છે. ડાયેટેશીન દ્વારા યોગ્ય સમતોલ તથા પોષક આહારની પણ સમજણ આપવામાં આવે છે. મેડિકલ ઓફિસર દ્વારા દર્દીની તપાસ, હિસ્ટ્રી ચકાસી જરૂરી રીપોર્ટસ બાદ જરૂરીયાત મુજબ ફિઝીશીયન, પીડીઆટ્રીશીયન, જનરલ સર્જરી વિભાગ, સાયકીઆટ્રીસ્ટ, ગાયનેકોલોજીસ્ટ દ્વારા તપાસ તથા માર્ગદર્શન આપવામાં આવે છે.

. . . . . . . . . . .

# GRAM PANCHAYAT ELECTION Postponed

કડી વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ કડી અને જોટાણા તાલુકા તથા વિસાવદર વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ વિસાવદર, ભેસાણ, જુનાગઢ ગ્રામ્ય તથા અમરેલી જિલ્લાના બગસરા તાલુકાની તમામ ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોની યોજાનાર ચૂંટણીઓ હાલ પુરતી મુલતવી રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, કડી અને વિસાવદર મતવિભાગમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર હોવાથી તમામ ચૂંટણી સ્ટાફ વિધાનસભા પેટા ચૂંટણીમાં રોકાયેલો હોવાથી કડી અને વિસાવદર વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોની ચૂંટણી મોકૂફ રખાઇ છે.

. . . . . . . . . . . .

# MEHSANA ELECTION

મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાની 28 ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર થઈ છે. જેમાં 14 ગામમાં મહિલા સરપંચ બનશે. 9મી જૂનથી ઉમેદવારી પત્ર ભરવાની શરૂઆત થશે. જ્યારે 22 જૂને મતદાન અને 25 મી જૂને મતગણતરી હાથ ધરવામાં આવશે.

. . . . . . . . . . . .

# MAHISAGAR ACCIDENT

મહીસાગર જિલ્લામાં આજે બે અલગ અલગ અકસ્માતમાં એકનું મોત થયું છે. ખાનપુર તાલુકામાં બે બાઇક સામસામે અથડાતા એકનું મોત થયું હતું અન્ય એક અકસ્માતની ઘટના લુણાવાડા-મોડાસા હાઇવે પર નરોડા ગામ પાસે બની હતી, જેમાં 2 લોકોને ઇજા પહોંચી હતી. ઇજાગ્રસ્તોને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ ઘટના અંગે પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.

. . . . . . . . . . . .

# MAHISAGAR CATCH THE RAIN

મહીસાગર જિલ્લામાં કેચ ધ રેઈન અભિયાન અંતર્ગત લુણાવાડા ખાતે દરકોલી તળાવને 4 હજાર ઘન મીટર ઊંડું કરવામાં આવી રહ્યું છે. જેથી પાણી સંગ્રહ શક્તિમાં વધારો થશે તો બીજી તરફ તળાવની ફળદ્રુપ માટી ખેડૂતો લઈ જઇ પોતાના ખેતરમાં ઉપયોગ કરી રહ્યા છે આ અંગે લુણાવાડા નગરપાલિકાના મુખ્ય અધિકારી નરેશ મુનિયાએ વધુ માહિતી આપી.

(બાઇટ: નરેશ મુનિયા, મુખ્ય અધિકારી)

. . . . . . . . . . . .

# WRESTLING CHAMPIONSHIP

અમદાવાદના અલ્પેશ પાટડિયાએ એશિયન આર્મ રેસલિંગ ચેમ્પિયનશિપ 2025માં ભારત માટે કાંસ્ય ચંદ્રક જીત્યો. તેમણે 70 કિગ્રાથી ઓછી વજનના માસ્ટર પુરુષોની જમણા હાથની શ્રેણીમાં ભાગ લઈ અસાધારણ તાકાત, ટેકનિક અને સ્થિતિસ્થાપકતાનું પ્રદર્શન કર્યું. તેમણે પોતાની પ્રતિક્રિયા આપતા આ મુજબ જણાવ્યું.

(બાઇટ: અલ્પેશ પાટડિયા)

તાજેતરમાં નવી દિલ્હીમાં આયોજિત આ સ્પર્ધામાં જાપાન, ઈરાન અને કઝાકિસ્તાન સહિત 21 એશિયન દેશોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . .

# AMC

અમદાવાદ મહાનગરપાલિકા આ વર્ષે 40 લાખ વૃક્ષ વાવવા જઈ રહી છે. ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા આગામી પાંચ જૂને વિશ્વ પર્યાવરણ દિવસે S.G. હાઈવે પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સિંદૂર વન બનાવવાની કામગીરી હાથ ધરાશે, તેમ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ જણાવ્યું. ચોમાસા પૂર્વેની કામગીરી અંગે તેમણે કહ્યું, શહેરમાં આગામી દસ દિવસમાં તમામ કૅચપીટ-ની સફાઈ પૂર્ણ કરાશે.

. . . . . . . . . . . . .

# Surendranagar- Opration shild

સુરેન્દ્રનગર અને ધ્રાંગધ્રા શહેરમાં મોકડ્રીલ વિસ્તારમાં 'ઓપરેશન શિલ્ડ' અન્વયે આવતીકાલે રાત્રે ૦૮:૦૦ થી ૦૮:૩૦ દરમિયાન ૩૦ મિનીટ બ્લેકઆઉટ- અંધારપટ કરવામાં આવશે.

ઉપરાંત સરકારના નિર્દેશ અનુસાર બંને સ્થળો ખાતે મોકડ્રીલનું આયોજન કરવામાં આવશે. ત્યારે બ્લેકઆઉટ-અંધારપટમાં સુરેન્દ્રનગર શહેરી અને ધ્રાંગધ્રાના નાગરિકોને સ્વયંભૂ જોડાવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . .